# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
# બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૫
# (તારીખઃ ૧/૩/૨૦૨૫, શનિવાર)
# કાર્યનોંધ

**બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૫, તારીખઃ ૧/૩/૨૦૨૫ને શનિવારના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ-**

૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)
૨) ડૉ. વિનાયક એચ. પટેલ
૩) ડૉ. કે. એસ. લિખીયા
૪) શ્રી નીરજકુમાર સિંઘ
૫) ડૉ. અલકાબેન મેકવાન
૬) શ્રીમતી નિતાબેન બ્રહ્મભટ્ટ
૭) શ્રી કેતનકુમાર પી. પટેલ
૮) કુલસચિવશ્રી

સભામાં સભ્યશ્રીઓની ગેરહાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ-**

૧) ડૉ.પરેશભાઇ વી. વિરપરીયા (જાણ કરી)
૨) શ્રી વિજયસિંહ યુ. ઝાલા
૩) શ્રી રૂષિકેશભાઇ શાહ (જાણ કરી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

૧. **તારીખઃ૨૯-૧-૨૦૨૫ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટ નંબરઃ ૪ની સભાની કામકાજની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.**

(નોંધઃ ૧) સભ્યશ્રીઓને તારીખઃ ૧-૨-૨૦૨૫ના રોજ જે કાર્યનોંધ મોકલવામાં આવી હતી. તેની એક નકલ આ સાથે પુનઃ **(બિડાણઃ ૧ પૃ. ૧ થી ૭)** તરીકે સામેલ છે.

૨) તારીખઃ ૨૯-૧-૨૦૨૫ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાઃ૪માં પસાર કરેલા ઠરાવો ઉપર થયેલી કાર્યવાહીનો અહેવાલ **(બિડાણઃ ૧-અ)** તરીકે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૯/૦૧/૨૦૨૫ને બુધવારના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભાઃ ૪ ની કાર્યનોંધ અને કાર્યવાહીનો અહેવાલ મંજૂર કરવામાં આવ્યો.**

૨. તારીખઃ **૨૪/૦૨/૨૦૨૫ને સોમવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ **નંબરઃ ૬**ની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૨ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૨૪/૦૨/૨૦૨૫ને સોમવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૬ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

૩. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીનો વિજાણુ પત્ર ક્રમાંકઃ CHE/0132/01/2025 તારીખ : ૨૮/૦૧/ ૨૦૨૫ (મળ્યાતારીખ : ૦૫/૦૨/૨૦૨૫) જેમાં ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવા બાબત જણાવેલ છે જે તારીખ : ૧૯/૦૨/૨૦૨૫ની રજૂઆત અન્વયે કરવાની થતી કાર્યવાહી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ : (૧) નાયબ નિયામક, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની ચેરી, ગાંધીનગર દ્વારા ઉક્ત પત્રમાં શિક્ષણ વિભાગના પત્ર સંદર્ભમાં ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવા બાબતે ખાસ ઝુંબેશની પ્રક્રિયા હાથ ધરવા જણાવેલ છે અને ત્યારબાદ પણ વખતો વખત ઓનલાઇન મીટિંગમાં પણ સદર બાબતને ખાસ ધ્યાને લેવા જણાવેલ છે.

(૨) શિક્ષણ વિભાગના તા.૦૩/૦૬/૨૦૨૪ના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૫૨૦૨૪/ CHE-33/ખ ને વંચાણે લેતા તમામ અનુદાનિત સરકારી યુનિવર્સિટીઓના વિવિધ સંવર્ગોની ભરતીમાં દિવ્યાંગો માટે ૪% અનામત રાખવા ઠરાવવામાં આવેલ છે. (બિડાણ : A)

(૩) આ સાથે દિવ્યાંગોની ખાસ ભરતી ઝુંબેશની પ્રક્રિયા કરવાની થતી કાર્યવાહીનું સમયપત્રક મોકલી આપેલ. (જે બિડાણA થી સામેલ છે.) જે ધ્યાને લેવા સારૂ.

(૪) યુનિવર્સિટી કક્ષાએ એક નોડલ ઓફીસરની નિમણૂંક કરવાની થતી હોઇ તેની નિમણુક કરી કચેરીને નામ પણ જણાવેલ છે.

(૫) યુનિવર્સિટી દ્વારા છેલ્લે તારીખ : ૨૦/૦૭/૨૦૨૪ના રોજ ખાલી જગ્યાઓ પૈકીની ચાર ટકા પ્રમાણે PWD માટે ભરવાની થતી જગ્યાઓની માહિતી ઇ-મેઇલ મારફતેથી જ શિક્ષણ વિભાગને મોકલી આપેલ હતી. (બિડાણ : B)

(૭) ત્યારબાદ તારીખ : ૧૫/૦૨/૨૦૨૫ના રોજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી દ્વારા આપવામાં આવેલ માહિતી પ્રમાણે કુલ ૧૨ સંવર્ગોમાં PWDની A, B, C, D & E કેટેગરીમાં કુલ ૨૨ જગ્યાઓ (૧૨ જગ્યાઓ શૈક્ષણિક તેમજ ૧૦ જગ્યાઓ વહીવટી) ખાસ ભરતીમાં કરવા માટે સૂચવેલ છે. (બિડાણ : C) ૧૨ શૈક્ષણિક જગ્યાઓમાંથી એક જગ્યા એસોસીયેટ પ્રોફેસર માટેની કોમર્સ વિભાગમાં C કેટેગરીમાં ભરેલ છે. જયારે ૧૦ વહીવટી જગ્યાઓ પૈકીની એક જગ્યા ડેપ્યુટી રજીસ્ટ્રારની છે. જે હાલ ત્રણ જગ્યાઓમાંથી ત્રણેય જગ્યાઓ ભરેલ હોય તે જગ્યા હાલ ભરી શકાય તેમ નથી.

(૮) આમ શૈક્ષણિક ૧૧ જગ્યાઓ તેમજ વહીવટી ૦૯ જગ્યાઓ જાહેરાતઆપી ખાસ ભરતીમાં ભરવાની થાય.

ઉપરોકતભરતી માટે નીચેની બાબતો સાદર રજૂ.

(૧) શૈક્ષણિક કેટેગરીમાં હાલ ખાલી રહેલી જગ્યાઓમાંથી PWD વિકલાંગ કેટેગરી માટે ખાસ ભરતી ઝુંબેશ(Special Recruitment Drive) હેઠળ ભરતી કરવાની હોય, ૧૧ જગ્યાઓ માટે વિકલાંગ કેટેગરી A, B, C, D & E મુજબ વિભાગના નામ સૂચવવા માટે. (બિડાણ : D)

તેમજ

(૨) વહીવટી ખાલી જગ્યાઓ પૈકીની બિડાણમાં દર્શાવેલ સંવર્ગો માટે સરકારશ્રી દ્વારા સૂચવેલ દિવ્યાંગ કેટેગરી A, B, C, D & E

પ્રમાણેની ભરતી કરવાની થાય તે સદર સંવર્ગો મંજૂરી અર્થે રજૂ.
(બિડાણ : E)

આમ, ઉકત બાબતે નિર્ણય લેવાનો થાય તેમ છે.

હાલમાં ઉપરોક્ત બાબત એક્ઝીકયુટીવ કાઉન્સીલ સભાઃ ૭ તારીખઃ ૨૪/૦૨/૨૦૨૫ ઠરાવ ક્રમાંકઃ ૩૩માં મંજૂર કરેલ છે, જે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂરી અર્થે રજુ .

| ક્રમ | સંદર્ભ | ભલામણ |
|---|---|---|
| ૧ | **તારીખઃ૨૪/૦૨/૨૦૨૫ ની એક્ઝીકયુટીવ કાઉન્સિલની સભા : ૭ નો રિપોર્ટ (ઠરાવ નં. ૩૩)** | **આથી ઠરાવવામાં આવે છે કે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીનો વિજાણુ પત્ર ક્રમાંકઃ CHE/0132/01/2025 તારીખ : ૨૮/૦૧/ ૨૦૨૫ (મળ્યા તારીખઃ ૦૫/૦૨/ ૨૦૨૫) દર્શાવ્યાં અનુસાર ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવા નિયમોનુસાર કાર્યવાહી કરવી.** |

**આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીના ઉપરોકત સંદર્ભિત પરિપત્ર અનુસાર નિયમોનુસાર કાર્યવાહી કરવી.**

**(મહેકમ વિભાગ)**

૪. વિષય : યુનિવર્સિટીનાં શૈક્ષણિક કર્મચારીઓની પસંદગી સમિતિ માટે વિષય નિષ્ણાંતોની પેનલ બાબતે.

યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓની પસંદગી સમિતિ માટે યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વડાશ્રીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિષય નિષ્ણાંતોની આવેલ યાદી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ : (૧) યુનિવર્સિટી દ્વારા તારીખ : ૧૯/૦૨/૨૦૨૫ના પત્ર નં.બી/એસ-૧/ ૬૯૩૩ અન્વયે શૈક્ષણિક કર્મચારીઓની ભરતી પ્રક્રિયા માટે સ્ટેચ્યુટ : ૨૫૫ (૨)ના (e) અંતર્ગત પસંદગી સમિતિ બનાવવા માટે તજજ્ઞોની યાદી મંગાવવામાં આવી હતી.

(૨) ઉપરોકત ક્રમાંકઃ ૧ના અનુસંધાનમાં અનુસ્નાતક બાયોસાયન્સીસ, કેમેસ્ટ્રી, કોમ્પ્યુટર સાયન્સ, ઈલેકટ્રોનિકસ, હોમસાયન્સ, મટીરીયલ્સ -સાયન્સ, મેથેમેટીકસ, ફીઝીકસ, બિઝનેસ સ્ટડીઝ, એમ.બી.એ., અંગ્રેજી, હિન્દી, ઈતિહાસ, લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ, એજ્યુકેશન, સીસ્ટ વિભાગ દ્વારા મોકલાવેલ વિષય નિષ્ણાંતોની યાદી આ સાથે બંધ કવરમાં સામેલ કરેલ છે.

(૩) ઉપરોકત ક્રમાંકઃ૧ના અનુસંધાનમાં અનુસ્નાતક સ્ટેટીસ્ટીકસ, અર્થશાસ્ત્ર, ગુજરાતી, સાયકોલોજી, સમાજશાસ્ત્ર, પોલીટીકલ સાયન્સ, સંસ્કૃત, સોશ્યલ વર્ક, લૉ વિભાગની યાદી આવેલ ન હોય સામેલ કરેલ નથી. જે જાણ સારૂં.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક જગ્યાઓ ભરવા કે પ્રમોશન માટે યુનિવર્સિટી દ્વારા અગાઉ ૨૦૨૦માં સિન્ડીકેટ દ્વારા મંજૂર કરવામાં આવેલ વિષય નિષ્ણાંતની જૂની યાદીમાં જરૂરી ફેરફાર કરવા અને નવી રજૂ કરેલ વિષય નિષ્ણાંતની યાદીને મંજૂર કરવી અને આવશ્યકતા મુજબ કુલપતિશ્રી પસંદગી સમિતી માટે અન્ય નિષ્ણાંત બોલાવી શકશે.**

**(એકેડેમિક વિભાગ)**

૫. The Gujarat Public Universities Uniform Statute - 2024નો યુનિવર્સિટીએ તારીખઃ ૨૦/૦૮/૨૦૨૪થી અમલકરેલ છે. તેના અનુસંધાનમાં Statute - 25 મુજબ વિવિધ અભ્યાસ સમિતિની નવ રચના તારીખઃ ૨૬/૧૨/૨૦૨૪ના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટની **સભા-૩ બાબત ક્રમાંકઃ૭** થી મંજૂર કરેલ છે. જેમાં સદર અભ્યાસ સમિતિના સભ્યોશ્રીઓની મુદત દર્શાવેલ નથી, જેના સંદર્ભમાં ઉપરોક્ત અભ્યાસ સમિતિના સભ્યોશ્રીઓની મુદત નકકી કરવા સ્ટેચ્યુટ-૪૬ (૩) મુજબ **The tenure of any Board, Committee, Authority or any position shall be finalized by the Board of Management, if not mentioned in the Statutes** પર ચર્ચા વિચારણા કરવા બાબત.

**ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે વિવિધ અભ્યાસ સમિતિના સભ્યોશ્રીઓની મુદ્દત ૨.૫ (અઢી) વર્ષ રાખવી.**

કુલસચિવશ્રી

નંબરઃ કે.૧/ બોર્ડ ઓફ મેનેજમેન્ટ/7206
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ૦૪/૦૩/૨૦૨૫

પ્રતિ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ જોગ.